અપીલ અરજી નં.૯૭ તા.૨–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧)કા.ઈ.સાઉથ–અઠવાઝોનનાં તા.૩–૨–૧૧ ના પત્ર નં.૧૨૭૩માં ૭૭ વ્હીકલ જણાવેલ અને કુલ ૧૧૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ અને આપશ્રીના તા.૮–૩–૧૧ ના પત્ર નં.૧૩૭૪ માં ૯૪ વ્હીકલની સંખ્યા જણાવો છો અને તેની સામે ૭૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે. કુલ વ્હીકલના નામ, નંબર, અને ડ્રાઈવરોનાં નામ કર્મચારીની યાદીની માહિતિ આપવા વિનંતી છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨–૬–૧૧ ની **SMC/FAP/** નં.૯૭/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧)કા.ઈ. સાઉથ –અઠવાઝોનનાં તા.૩–૨–૧૧ ના પત્ર નં.૧૨૭૩માં ૭૭ વ્હીકલ જણાવેલ અને કુલ ૧૧૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ અને આપશ્રીના તા.૮–૩–૧૧ ના પત્ર નં.૧૩૭૪ માં ૯૪ વ્હીકલની સંખ્યા જણાવો છો અને તેની સામે ૭૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે. કુલ વ્હીકલના નામ, નંબર, અને ડ્રાઈવરોનાં નામ કર્મચારીની યાદીની માહિતિ આપવા વિનંતી છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે માંગેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૨ તા.૭–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં સાઉથ વેસ્ટ ઝોન અઠવા ખાતે અન્ય અધિકારીનો સંપર્ક કરી તપાસણી માટે કે બીજી કોઈ તરીકે તપાસણી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? દાવાના સમર્થનમાં અગાઉ મળેલ માહિતિની સરખામણી માટે નકલો સામેલ કરેલ નથી તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૨૬૧ તા.૧૪–૬–૧૧ થી પૂરક વિગતોમાં મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.પર તા.૧૧–૪–૧૧ થી અઠવાઝોન, વરાછાઝોન અને ફાયર વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૦ તા.૨૫–૪–૧૧ ના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સંકલન ધ્વારા જાવક નંબર તારીખ વિનાના પત્રથી તા.૬–૭–૧૧ ના રોજ મોકલેલ પૂરક વિગતોમાં મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.પર તા.૧૧–૪–૧૧ થી અઠવાઝોન, વરાછાઝોન અને ફાયર વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટટીઆઈ/આ.નં.૪૬ તા.૧૭–૫–૧૧ ના પત્રની નકલ તથા તેની પહોંચની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તથા અરજદારની તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી અરજદારને પાઠવેલ પત્ર નં.૩૭૧ તા.૬–૫–૧૧ ની નકલ મળેલ છે.

અરજદારની તા.૮–૪–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.પર તા.૧૧–૪–૧૧ થી અઠવાઝોન, વરાછાઝોન અને ફાયર વિભાગને તબદીલ કરેલ છે. જે બાબતે અરજદારે માંગેલ માહિતી આપેલ નથી તેવું જણાવી તા.૨–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૦ તા.૨૫–૪–૧૧ થી અરજદારને માહિતી આપેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટટીઆઈ/આ.નં.૪૬ તા.૧૭–૫–૧૧ થી અરજદારને માહિતી આપેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગના પત્ર નં.એફઈએસ/૩૭૧ તા.૬–૫–૧૧ થી અરજદારને માહિતી આપેલ છે. જેમાં અરજદારની મુદ્દા નં.૧ કા.ઈ. સાઉથ –અઠવાઝોનનાં તા.૩–૨–૧૧ ના પત્ર નં.૧૨૭૩માં ૭૭ વ્હીકલ જણાવેલ અને કુલ ૧૧૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ અને આપશ્રીના તા.૮–૩–૧૧ ના પત્ર નં.૧૩૭૪ માં ૯૪ વ્હીકલની સંખ્યા જણાવો છો અને તેની સામે ૭૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે. કુલ વ્હીકલના નામ, નંબર, અને ડ્રાઈવરોનાં નામ કર્મચારીની યાદીની માહિતિ આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી " અરજીમાં જણાવેલ ડ્રાઈવરના નામ ,વ્હીકલના નામ અને વ્હીકલ નંબર તથા કર્મચારી નંબર સહિતની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. વધુમાં ઉકત વિષય અંગે આપશ્રીને માહિતી બાબતે જે કંઈ પણ વાંધો હોય મહેકમ વિભાગના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી માટે આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળના નિયમ મુજબ પ્રથમ અડધા કલાક ફી રેકર્ડની ચકાસણી ત્યાર બાદ અડધા કલાક દીઠ રૂા.૨૦/– ભરપાઈ કરવાની શરતે આપશ્રીને તા.૪–૫–૧૧ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક સુધીમાં પર્સોનલ ઓફિસર (મહેકમ વિભાગ) સમક્ષ સા.વે.ઝોન.અઠવા કચેરીએ કરી જઈ શકો છો." તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૨) આપશ્રીના ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૨૮–૩–૧૧ ના પત્ર નં.એફબી/એસપી/૨૪૬૧ થી કુલ ૧૩૬ ડ્રાઈવરોના નામ, કર્મચારી નંબર જણાવેલ છે હવે તેઓની સામે ૧૩૬ હેવી વ્હીકલના નામ એન નંબર અંગેની માહિતીની નકલ આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી આપની અરજીના મુદ્દા નં.૧ થી ૩ પૈકી મુદ્દા નં.૨ માં જણાવ્યા મુજબ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસના હેવી વાહનોના નામ અને નંબરની માહિતી આ સાથે સામેલ છે. જે વિદિત થાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ ઈસ્ટ(વરાછાઝોન) માં પાંચ ડ્રાઈવરો સ્પેરમાં હોવા છતાં ૬ કોન્ટ્રાકટમાં રાખેલ ડ્રાઈવરોને ચૂકવવામાં આવતી કુલ રકમ પાંચ ડ્રાઈવરોનો પગાર + છ કોન્ટ્રાકટરની રકમ અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ઈસ્ટઝોન(વરાછા) માં પાંચ ડ્રાઈવરો સ્પેરમાં તા.૧૨–૧–૧૧ ના રીપોર્ટમાં દર્શાવેલ હતાં પરંતુ હાલમાં જયરામ સોનવણેની સ્મીમેરમાં બદલી થવાથી તેની જગ્યાએ આવેલ ડ્રાઈવર અશોક એચ. બાબરીયા કર્મ નં.૧૮૩૯૭ ને રેગ્યુલર ડ્રાઈવર જીકયુસી/૫૦૦૯ પર મુકેલ છે. યુનુસ બેગ એમ મીરઝા કર્મ નં.૧૩૫૮૧ ડ્રાઈવર જીકયુસી/૫૦૦૯ ની બદલી કોમન પુલમાં થયેલ છે તથા સ્પેરમાં ડ્રાઈવર મહીપાલ હમીરસિંહ અટોદરીયાને નવા એસકેવેટર જીજેપ–જી–૧૫૧૭ ઉપર મુકવામાં આવેલ છે જેથી હાલમાં નીચે મુજબના સ્પેર ડ્રાઈવરો ઉમરવાડા ઈજનેરી વાહન ડેપો પર ફરજ બજાવે છે. (૧) શ્રી કાંતિભાઈ જે. મેકવાન કર્મ નં.૧૪૪૯૫ (૨) શ્રી પરેશભાઈ બેચરભાઈ આહીર કર્મન નં.૮૦૯૦૦ (૩) શ્રી પ્રકાશભાઈ અમરતભાઈ પટેલ કર્મ નં.૮૦૮૯૮ ઉપર જણાવેલ ડ્રાઈવર હાલમાં સ્પેરમાં છે. જેઓને રેગ્યુલર ડ્રાઈવર રજા પર હોય તથા આકસ્મિક રજા પર હોય ત્યારે કોઈ પણ વાહન પર મુકવામાં આવે છે. ઉપરોકત ત્રણ કર્મચારીની પગાર સ્લીપ મેળવવા માટે રૂા.૨/– ભર્યેથી મળી શકશે. તેવું નિયત સમય અવધિ બાદ જણાવેલ. અરજદારને સા.વે.ઝોન/અઠવા ખાતે અન્ય અધિકારીનો સંપર્ક કરી તપાસણી માટે કે બીજી કોઈ તરીકે તપાસણી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તેમજ દાવાના સમર્થનમાં અગાઉ મળેલ માહિતીની સરખામણી માટે નકલો સામેલ કરેલ નથી તે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે (૧) તપાસણી મેળવેલ છે. અપીલ સમય દરમ્યાન અરજદારે કરેલ રજૂઆતમાં તા.૨૫–૪–૧૧ ના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૮૦ તા.૪–૫–૧૧ ના રોજ અમો અરજદારને રૂબરૂ પર્સોનલ ઓફિસર મહેકમ વિભાગ સમક્ષ રેકર્ડની ચકાસણી અર્થે બોલાવેલ અમો હાજર થયેલ પરંતુ પર્સોનલ ઓફિસર રૂબરૂ મળી શકેલ નહીં તથા આઈ ડી નં.૧૫ તા.૧૫–૪–૧૧ થી સા.વે.ઝોન અઠવા વિભાગના વ્હીકલના નામ, ડ્રાઈવરના નામ, કર્મચારી નંબર, વ્હીકલ નંબરની જે ૪૮ હેવી વ્હીકલ અને ડ્રાઈવરની યાદી આપેલ છે જેમાં આ ૪૮ વ્હીકલ ડ્રાઈવરની યાદીમાં ૪ વ્હીકલનો બે વાર નંબરમાં ઉપયોગ કરી છેતરપીંડી કરેલ છે તથા ૪૮ વ્હીકલ ડ્રાઈવરોની સાથે જ ૨૧ તાલીમાર્થીઓની યાદી જણાવેલ છે.આ ૨૧ તાલીમાર્થી ડ્રાઈવરોમાંથી ૪ ડ્રાઈવરોના નામ અન્ય ઝોન વિભાગમાં પણ જણાવેલ છે જેથી આ યાદી બોગસ હોઈ ઉપલબ્ધ રેકર્ડમાં પણ આ જ બોગસ વ્હીકલ ડ્રાઈવરોની તપાસણી કરવાની રહેતી નથી. આ બોગસ ૪ વ્હીકલની નિશાની ૪૮ ડ્રાઈવરોની વ્હીકલ યાદીમાં કરેલ છે. તા.૩–૨–૧૧ ના પત્રમાં ૧૨૭૩ માં ૭૭ હેવી વ્હીકલ અને ૧૧૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ અને તા.૮–૩–૧૧ ના પત્ર નં.૧૩૭૪ માં ૯૪ વ્હીકલ અને ૭૪ ડ્રાઈવરો જણાવેલ. આ ત્રણ માહિતીની નકલમાંથી કઈ માહિતીની નકલ સત્ય સમજવી. મુદ્દા નં. (૨) અંગેની માહિતીમાં ૧થી ૬૮ વાહનોની ફકત માહિતી આપેલ છે ડ્રાઈવરોના નામ કર્મચારી નંબર અંગેની માહિતી આપેલ નથી અને તા.૨૮–૩–૧૧ ના પત્ર નં.૨૪૬૧ માં કુલ ૧૩૬ ડ્રાઈવરોના નામ કર્મચારી નંબર જણાવેલ. ૬૬ વાહનોની માહિતી જણાવેલ નથી. આ બંને માહિતીની નકલમાંથી કઈ માહિતીની નકલને સત્ય સમજવી. જે અંગેની સ્પષ્ટતા કરશો. મુદ્દા નં.૩ અંગેની માહિતી આપશ્રીના કચેરીના એડી. સીટી ઈજનેર વરાછાઝોનમાં ૫ ડ્રાઈવરો સ્પેરમાં હોવા છતાં ૬ ડ્રાઈવરો કોન્ટ્રાકટમાં રાખેલ.ડ્રાઈવરોને ચૂકવવામાં આવતી કુલ ૫ ડ્રાઈવરોના પગાર + છ કોન્ટ્રાકટના ડ્રાઈવરોની રકમની માહિતી આપેલ નથી. તેવી રજૂઆત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી ત્રણેય જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પૂરી પાડયાનું જણાય છે. અરજદારે અલગ તબકકે માંગેલ અને મળેલ માહિતી પૈકી વિરોધાભાસી હોવાનો દાવો કરી પુનરાવર્તિત રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી તપાસણીની તક પણ પૂરી પાડેલ છે તેથી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગત દફતરની તપાસણી કરવા સ્વતંત્ર છે. જે અંગે કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે. અરજદારની તેવી રજૂઆત મળ્યે ત્રણેય જાહેર માહિતી અધિકારીઓને હુકમની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,